જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૫/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૮૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ અને ૬૭ બોટલ ઇગ્લીશદારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૬/૧૫**

**ઘાટલોડીયા :** મનસુખભાઇ હુદાભાઇ સાયરીયા (રહે.સુર્યા એપાર્ટમેન્ટ, પારસનગર, ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૫/૧૫ રાતનાં ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીકથી પોતાના પુત્ર કૃષ્ણકાંત (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.ડી.ગઢવી ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૮૭/૧૫**

**નરોડા :** નરોડા વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષની પરણીતાએ તા.૨૮/૫/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૩/૧૫ નાં બે વર્ષ અગાઉથી આજદીન સુધી અવાર-નવાર આરોપી (૧) ભુપેન્દ્રસિંહ કરણસિંહ બેલાવલ (રહે.સમર્પણ રેસીડન્સી, કઠવાડા રોડ, નરોડા) (૨) મનિષભાઇ પટેલ (ગેલેક્ષી હોટલવાળા, નરોડા) નાઓએ પરણીતા પોતાના પતિથી એકલી રહેતી હોઇ, તેની એકલતાનો લાભ લઇ, નોકરી અપાવવાની લાલચ આપી, ગેલેક્ષી રેસ્ટોરન્ટમાં બોલાવી, હોટલનાં ત્રીજા માળે રૂમમાં લઇ જઇ ભુપેન્દ્રસિંહે પરણીતાને ચપ્પુ બતાવી, પરણીતાની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો તેમજ પરણીતાને ભાડે મકાન અપાવી, તે મકાનમાં અવાર-નવાર પરણીતાની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો અને સૃષ્ટીક્રમ વિરૂધ્ધનું કૃત્ય કર્યુ હતુ. તેમજ મનિષભાઇએ પણ પરણીતા સાથે શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ત્યજી દીધેલ બાળકનું ભુણ મળી આવવા બાબતઃ** **સમાચાર યાદી નં.૧૦૮૮/૧૫**

**નારણપુરા :** તા.૨૮/૪/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નારણપુરા વરદાન ટાવર કોમન પ્લોટમાંથી છ મહિનાના ગર્ભનું ભુણ ત્યજી દિધેલ હાલતમાં, નારણપુરા પોલીસને મળી આવતાં નારણપુરા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધ્યો છે.આ ગુનાની તપાસ પોસઇશ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૮૯/૧૫**

**આનંદનગર :** મુનિકુમાર ઉષાકાન્ત વચ્છરાજાની (રહે,પુજન એપાર્ટમેન્ટ, સીમા હોલની સામે, આનંદનગર) એ તા.૨૮/૫/૧૫ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૫/૧૫ ના કલાક ૯/૦૦ થી તા.૨૮/૫/૧૫ નાં કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના, વાસણો અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૫૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**નારણપુરા :** રાજુભાઇ ઇશ્વરભાઇ (રહે,ચામુંડાનગર, વિભાગ-૨, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૫ સવારના ૯/૦૦ થી બપોરનાં ૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૭૦૦/- મળી કુલ રૂપિયા ૫૭,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એસ.રાઓલ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૯૦/૧૫**

**દાણીલીમડા (૧)** મહંમદરફિક અબ્દુલકરીમ શેખ (રહેઃગુલશન રૉ હાઉસ, ગુજરાત ટુડે પ્રેસની સામે, શાહઆલમ) એ તા.૨૭/૫/૧૫ રાતનાં ૧૧/૦૦ થી તા.૨૮/૫/૧૫ નાં કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી કોઇ અજાણી વ્યક્તિ મોબાઇલ ફોન નંગ-૬, ચાંદીની વીંટી અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતા ભરેલ પાકિટની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ મહંમદરફીક શેખે દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**(૨)** સચીનભાઇ રમેશચંદ્ર સોની (રહેઃસુખરામનગરની સોસાયટી, સાણંદ તા.સાણંદ, જી.અમદાવાદ) એ તા.૨૮/૫/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાનાં સોનાનાં દાગીના કુલ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પોતાનાં શેઠનાં ઓળખીતા ફેલુરામ ભીમજૈન (રહે.આકાશ મેટ્રો સીટી, વટવા) મારફતે સાણંદથી મંગાવ્યા હતા. તા.૨/૫/૧૫ રાતનાં ૯/૩૦ થી ૯/૪૦ વાગ્યા દરમ્યાન ઉપરોક્ત સચીનભાઇનાં દાગીના લઇ નીકળેલ ફેલુરામ ચંડોળા બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડથી બસમાં બેસી નારોલ આર.ટી.ઓ. સર્કલ સુધી મુસાફરી કરી હતી. આ મુસાફરી દરમ્યાન પેસેન્જરોની ધક્કામુક્કીનો લાભ લઇ, કોઇ અજાણી વ્યક્તિ ફેલુરામનાં ખિસ્સામાંથી તમામ દાગીનાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નારણપુરા :** રોનીલભાઇ પ્રતિકભાઇ શાહ (રહે:સત્યવાદી સોસાયટી, બેંક ઓફ બરોડા પાસે, ઉસ્માનપુરા) એ તા.૨૮/૫/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા બે વર્ષથી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ પોતાના ઘરમાંથી સોનાનાં ડાયમંડ જડીત દાગીના કુલ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૧/૧૫</u>**

**સોલા હાઇકોર્ટ** : હંસાબહેન ઘનશ્યામભાઇ જાદવ(ઉ.વ.૫૨)(રહે, જીવનદીપ રૉ હાઉસ, જલસા પાર્ટી પ્લોટ સામે, થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૫ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે તુલીપ બંગ્લોઝથી અજંતા ઇલોરા તરફ જતાં રોડ પરથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ હંસાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.પટણી ચલાવે છે.

**<u>બળજબરીથી રૂપિયા કઢાવી લીધા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૨/૧૫</u>**

**ક્રાઇમબ્રાન્ચ** : કૌશીકભાઇ કૃષ્ણલાલ બ્રહ્મભટ્ટ (ઉ.વ.૫૯)(રહે. ગોકુલધામ સોસાયટી, દેસાઇ પાર્ક સોસાયટી સામે, પીજ રોડ, નડીયાદ) એ તા.૨૮/૫/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૩-૧૪ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) હિતેષ નરેન્દ્રભાઇ પટેલ (૨) અજય નરેન્દ્રભાઇ પટેલ (બંને રહે.ઉત્તર ગુજરાત પટેલ સોસાયટી, વિભાગ-૧, સીવીલ રોડ અસારવા) એ ભેગામળી પોતાની ઓળખ આર.ટી.આઇ.એક્ટીવીસ્ટ તરીકે આપી, સીવીલ હોસ્પિટલમાંથી આર.ટી.આઇ.હેઠળ માહિતી માંગી, મળેલ માહિતીમાંથી ખામીઓ શોધી, ગુન્હાહિત કાવત્રુ રચી, સીવીલ હોસ્પિટલનાં કર્મચારી તથા કોંન્ટ્રાક્ટરો ઉપર દબાણ લાવી બળજબરીથી આજદિન સુધી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- કઢાવી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૩/૧૫</u>**

**નરોડા :** સંજીવભાઇ ગણેશપ્રસાદ ઓઝા (રહે.કબીરનગરની ચાલી, ઓઝોન સીટી ઇન્ડીકેપ કંપનીની સામે, સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૫ સાંજનાં ૬/30 વાગ્યાના સુમારે નાના ચિલોડા વૃદાવન બંગ્લોઝની સામેથી પોતાના સાઢુ અશોકકુમાર વિજયપંથ પાંડે (ઉ.વ.૪૫) સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા, દરમ્યાન એક ફોરવ્હીલ ગાડી નંબર જીજે.૧.કે.જી.૨૦૯૮ નાં ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, અશોકભાઇની સાયકલને ટક્કર મારતાં, અશોકભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવ :** જોગેન્દ્રસિંહ ઉદેસિંહ બારૈયા (રહે.પરમેશ્વર બંગ્લોઝ, હરીદર્શન ચાર રસ્તા, કઠવાડા રોડ, નરોડા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૫/૧૫ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે દાસ્તાન સર્કલ પાસેથી પોતાના પિતા ઉદેસિંહ(ઉ.વ.૪૫)નાઓ પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ટ્રક નંબર આર.જે.૧૨.જી.એ.૦૫૨૬ નાં ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, ઉદેસિંહને ટક્કર મારતાં, ઉદેસિંહને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હિરાભાઇ કોહ્યાભાઇ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૯૪/૧૫**

**શહેરકોટડા :** લલીતાબહેન રમેશભાઇ વણઝારા (ઉ.વ.૨૨)(રહે,પ્રેમનગર, અનીલ વકીલની ચાલી, મેમ્કો) તા.૨૪/૫/૧૫ રાતના ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિવેટવાળા પ્રાયમસ ઉપર ચા બનાવતાં હતા દરમ્યાન ચા-ખાંડ ઉતારવા જતાં, પહેરેલ કપડે આગ લાગતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૫/૧૫ રાતનાં ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વાલસિંગભાઇ મલાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૦૯૫/૧૫**

**શહેરકોટડા :** રાજુસિંગ ધનપાલસિંગ ભદોરીયા (ઉ.વ.૩૫)(રહે.અનિલવકિલની ચાલી, પ્રેમનગર, મેમ્કો) એ તા.૨૮/૫/૧૫ સાંજનાં ૬/૫૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે કોઇ કારણસર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભલાભાઇ લાલાભાઇ ચલાવે છે.

**સાબરમતી :** સોનલબહેન જીતુભાઇ મકવાણા (ઉ.વ.૨૩)(રહે.ન્યુ રાણીપ, દશામાનું મંદિર પાસે, સરસ્વતીનગર, સાબરમતી) એ તા.૨૮/૫/૧૫ નાં કલાક ૯/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે કોઇ અગમ્ય કારણસર પોતાના પિયરનાં ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રસીકભાઇ વિઠ્ઠલભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)